# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **રાજ્યભરમાં ગઇકાલે આવેલી વાવાઝાડાને કારણે વ્યાપક નુકસાન - અલગ અલગ બનાવોમાં પાંચના મોત.**
2. **આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં વરસાદી માહોલ યથાવત રહેવાની આગાહી.**
3. **અમરેલીમાં શેત્રુજી નદીમાં ડૂબી જતાં ચાર યુવાનોના મોત.**
4. **ગુજરાત વડી અદાલતના સાત નવ નિયુક્ત ન્યાયાધિશોએ પદ અને ગુપ્તતાના શપથ લીધા**
5. **આઇપીએલ ક્રિકેટમાં, મુંબઈ ઈન્ડિયન્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે મુંબઇમાં આજે સાંજે મુકાબલો.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# RAIN - 01

વેસ્ટન ડિસ્ટબન્સને કારણે પલટાયેલા હવામાનના પગલે રાજયભરમાં ગઇકાલે ભારે પવન સાથે કમોસમી વરસાદ પડ્યો છે. રાજ્યના 53 તાલુકાઓમાં ગઇકાલે હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ દોઢ ઇંચ વરસાદ ભાવનગર જિલ્લાના શિહોર અને ભાવનગર શહેરમાં નોંધાયો છે.

અમારા પ્રતિનિધિ જણાવે છે કે , ભાવનગરમાં અને શિહોરમાં ઉપરાંત વલભીપુર અને ઉમરાળા , ગોહિલવાડ પંથકમાં વરસાદ પડ્યા બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.

અરવલ્લી જિલ્લામાં મોડી સાંજે વાતાવરણમાં અચાનક પલટો આવ્યા બાદ જિલ્લાના મોડાસા, મેઘરજ, માલપુર, બાયડ, ભિલોડા સહિતના વિવિધ વિસ્તારોમાં ભારે વંટોળ ફુંકાયું હતું અને ધોધમાર વરસાદ વરસ્યો હતો

બનાસકાંઠા જિલ્લામાં મોડી રાતે ભારે ગાજવીજ પવન અને કરા સાથે વરસાદ પડ્યો હતો. જિલ્લાના વાવ , થરાદ, ભાભર, કાંકરેજ, દિયોદર, લાખણી ડીસા સહિતના વિસ્તારમાં વરસાદ પડ્યો હતો,

નર્મદાના જિલ્લામાં પણ વાતાવરણમાં અચાનક પલટો આવ્યા બાદ રાજપીપલામાં ગાજવીજ સાથે વાવાઝોડું ફૂંકાયું હતું. વાવાઝોડા સાથે રાજપીપલામાં હળવા વરસાદથી વીજ પુરવઠો ખોરવાતા રાજપીપલામાં અંધારપટ છવાયો હતો.

નવસારી જિલ્લાના ચીખલી, બીલીમોરા, ગણદેવી અને ડાંગના વઘઈ, સાપુતારા, આહવા સહિતના વિસ્તારોમાં વરસાદ નોધાતા કેરીના પાકને ભારે નૂકશાનની ભિતી સર્જાય છે.

છોટાઉદેપુર  જિલ્લાના બોડેલી તાલુકામાં વાવઝોડા    બાદ વરસાદ પડતાં અનેક  ઘરના છાપરા ઊડી ગયા હતા.

સુરેન્દ્રનગર જિલ્લામાં સુરેન્દ્રનગર મુળી  ,  લખતર વિસ્તારોમાં પવન સાથે વરસાદ નોંધાયો હતો.          પાટણ શહેરમાં ભારે પવનને કારણે અનેક વિસ્તારોમાં  વીજ પુરવઠો ખોરવાયો હતો.

અમદાવાદ શહેરમાં પણ ભારે વંટોળ બાદ ધોધમાર વરસાદી            ઝાપટું પડાવથી અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

દ્વારકા જિલ્લામાં ખંભાળીયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ગત મોડી રાત્રે વીજળીના કડાકા સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો.

આ કમોસમી વરસાદથી તલ, બાજરી, મગ સહિતના ઉનાળુ પાકોને નુકશાનની ભીતીથી ખેડૂતો ચિંતાતૂર બન્યા હતા.

રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે     પવનના પગલે વૃક્ષો હોર્ડિંગ્સ દીવાલ પાડવાની ઘટનાઓ નોંધાઈ છે.

# FIVE DEATHS

રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ગઇકાલે આવેલા વાવાઝોડા અને વરસાદે પાંચ લોકોના જીવ લીધા છે. રાજ્યમાં કમોસમી વરસાદને કારણે પાંચ લોકોના મોતના સત્તાવાર અહેવાલ સાંપડી રહ્યાં છે. અમારા ગાંધીનગરના પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, રાજ્યમાં ભારે પવન અને કરા સાથે વરસેલા વરસાદે તારાજી સર્જી હતી. જેમાં એક જ દિવસમાં પાંચ લોકોના મોત થયા છે. ભારે પવનને કારણે વડોદરામાં એક રિક્ષા ચાલક પર વીજતાર અને બીજા પર કાટમાળ પડતા બંનેના મોત નિપજ્યા હતા. જ્યારે અરવલ્લીમાં વીજળી પડતા બે યુવકોના મોત નિપજ્યા હતા. અમદાવાદના ધોળકા હાઈવે પર રિક્ષા પર હોર્ડિંગ પડતા ચાલકનું મોત નિપજ્યું હતું.

દહેગામમાં રોડ પરથી પસાર થતી કાર પર ઝાડ પડવાની ઘટનામાં પરિવારનો આબાદ બચાવ થયો હતો. તો દહેગામ રોડ પરથી પસાર થઈ રહેલા સીએમના કાફલાને પણ વાવાઝોડાના કારણે મુશ્કેલીઓ પડી હતી.

---

# WEATHER

હવામાન વિભાગ દ્વારા આજે પણ રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદની આગાહી કરાઈ છે, આજે ગાંધીનગર, ખેડા, અમદાવાદ, આણંદ, વડોદરા, સુરત, અમરેલી, મહેસાણા, સાબરકાંઠા, દાહોદ, રાજકોટ સહિત અનેક જિલ્લામાં વરસાદની સંભાવના વ્યક્ત કરાઈ છે. માછીમારોને દરિયો ન ખેડવા

સૂચના અપાઈ છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ રાજ્યમાં વરસાદી માહોલ યથાવત્ રહેવાની આગાહી કરી છે.

આ અંગે હવામાન વિભાગના વડા એ.કે. દાસ વધુ માહિતી આપી

**(બાઈટ – એ.કે.દાસ)**

---

# AMRELI FOUR DROWN

અમરેલી તાલુકામાં આવેલ ગાવડકા શેત્રુંજી નદીમાં ડૂબી જવાને કારણે ચાર યુવાનોના મોત થયા છે. સાંજના સમયે ચારેય યુવાનો નદીમાં ન્હાવા પડ્યા હતા. આ દરમિયાન કિનારે ચારેય યુવાનોના કપડાં પડેલા જણાતા ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડે ચારેય યુવાનોના મૃતદેહને એકપછી એક બહાર કાઢ્યા હતા. અમારા અમરેલીના પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે , મૃતકો ચારેય યુવાનો ચલાલા નજીક આવેલ મીઠાપુર ડુંગરીના રહેવાસી છે.

---

# HC JUDGES

ગુજરાત હાઇકોર્ટના નવા સાત ન્યાયાધિશોએ કાર્યભાર સંભાળ્યો છે.. આ નવા સાત ન્યાયાધિશોને ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધિશ સુનિતા અગરવાલે પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા, હતા. કાયદામંત્રી ઋષિકેશ પટેલ અને ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં એમ .એસ. પીરઝાદા, રમેશચંદ્ર.એમ.વચ્છાણી, જયેશભાઇ.એલ. ઓડેદરા, પ્રણવ એમ.રાવલ, એમ.સી.ત્યાગી, દીપક.એમ.વ્યાસ, ઉત્કર્ષ ટી. દેસાઇએ શપથગ્રહણ કર્યા હતા.. . ગુજરાત હાઈકોર્ટમાં અત્યારે 32 ન્યાયાધીશોની કાર્યકારી સંખ્યા હતી. જે હવે વધીને 39 થઈ છે. જ્યારે મંજૂર કરાયેલા ન્યાયાધીશોની સંખ્યા 52 છે.

---

# PATAN APMC SAHAY

પાટણ જિલ્લાના રાધનપુર APMC દ્વારા ખેડૂત કે વારસદાર કે વેપારીની આકસ્મિક મૃત્યુ સહાયમાં વધારો કરાયો છે. 10થી 80 વર્ષની વયના ખેડૂતો અને તેમના વારસદાર તેમજ માર્કેટના વેપારી સહિતના લોકોને આકસ્મિક મૃત્યુ માં અત્યાર સુધી બે લાખની વીમા સહાય આપવામાં આવતી હતી તે વધારીને 3 લાખ રૂપિયા અને કાયમી અપંગતાના કિસ્સામાં એક લાખ રૂપિયાના બદલે એક લાખ 50 હજારની સહાય આપવામાંનો નિર્ણય લેવામાં આવ્યો છે, અને તેમાં કુલ 85,000 ખેડૂત ખાતેદારો, લાયસન્સધારક વેપારીઓ અને તેમના વારસદારોને આ યોજનાનો લાભ મળશે તેમ એપીએમસીના ચેરમેન ડૉ.કનુભાઈ ચૌધરીએ જણાવ્યું હતું.

**બાઈટ : ડૉ.કનુભાઈ ચૌધરી, ચેરમેન Apmc રાધનપુર**

---

# AMC HEALTH OFFICE

અમદાવાદ શહેરમાં મચ્છરજન્ય રોગચાળાને ડામવાના પ્રયાસ હાથ ધરાયા છે.. ત્યારે અમદાવાદ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું હતું કે મે મહિના શરૂઆત દરમિયાન ટાઇફોઇડના 35 અને ડેન્ગ્યુના પાંચ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું..

**બાઇટ- આરોગ્ય અધિકારી**

---

# IPL MUMBAI V/S GUJARAT

આઇપીએલ ક્રિકેટમાં , યજમાન મુંબઈ ઈન્ડિયન્સ વાનખેડે સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ સામે ટકરાશે. મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

ગઈકાલે દિલ્હી કેપિટલ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચેની મેચ હૈદરાબાદમાં ભારે વરસાદને કારણે રદ કરવામાં આવી હતી.

બંને ટીમોને એક પોઈન્ટ મળ્યો હતો , પરંતુ સનરાઇઝર્સ હૈદરાબાદ સત્તાવાર રીતે પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગયું છે, જ્યારે દિલ્હી કેપિટલ્સ પાંચમા સ્થાને રહી હતી.

અગાઉ બેટિંગ કરવા ઉતરેલી દિલ્હી કેપિટલ્સે 20 ઓવરમાં સાત વિકેટે 133 રન બનાવ્યા હતા . જોકે, બીજી ઇનિંગની શરૂઆત પહેલા જ ભારે વરસાદ પડ્યો હતો.

---

# FOOTBALL SUPER LEAGUE

ગુજરાત રાજ્ય ફૂટબોલ એસોસિએસન દ્વારા અમદાવાદમાં ટ્રાન્સસ્ટેડિયા ખાતે ગુજરાત સુપર લીગ સિઝન બે રમાઇ રહી છે. ગઇકાલે રમાયેલી બે અલગ અલગ મેચમાં કર્ણાવતી નાઇટ્સ અને વડોદરા વોરિયર્સ વચ્ચે રમાયેલી મેચમાં વડોદરા

**વોરિયર્સનો 5-1થી વિજય થયો હતો જ્યારે અન્ય એક મેચમાં અમદાવાદ એવેન્જર્સનો ગાંધીનગર જાયન્ટ્સ સામે 3-1થી વિજય થયો હતો.**

---